## જન્મદિને વધામણી



ડો. જયંત તદુ
મો. ૯૩૭૬૧ ૩૧૯૮૬



નીલ ગામીત



ખુશી ભૂષણભાઈ પંડ્યા



કૌશિકભાઈ બી સુખડીયા
મો. ૯૮૨૫૦ ૪૧૩૪૮



હેમેન્દ્ર અનંતપ્રસાદ ભટ્ટ
ફોન : ૨૩૨૩૦૧૩૫

# સોમવારે મહાત્મા મંદિર ખાતે સિનેમા ટુરિઝમ અંગે સૅમિનાર

### ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત સૅમિનારનું ઉદ્‌ઘાટન રાજ્યપાલના હસ્તે કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સિનેમૅટિક ટુરિઝમ અંગે એક સૅમિનારનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

મહાત્મા મંદિર ખાતે આયોજિત આ એક દિવસીય સૅમિનાર સવારના ૮.૩૦થી સાંજના ૬ કલાક સુધી ચાલશે.

સૅમિનારનું ઉદ્‌ઘાટન રાજ્યના રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે આયોજિત સમારોહના મુખ્ય અતિથિ તરીકે માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોડ તથા અતિથિ વિશેષ તરીકે રાજ્યના પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સાંસદ પરેશ રાવલ, પ્રવાસન નિગમના ચૅરમૅન કમલેશભાઈ પટેલ અને કેન્દ્રીય પ્રવાસન વિભાગના સૅક્રેટરી વિનોદ ઝુત્સી પણ ઉપસ્થિત રહેશે.

સવારે ૮.૩૦થી ૯.૩૦ દરમ્યાન રજિસ્ટ્રેશન અને ૯.૩૦થી ૧૦.૩૦ દરમ્યાન ઉદ્‌ઘાટન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. એ પછી ખાસ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રથમ સત્ર ૧૨ થી ૧.૩૦ દરમ્યાન યોજવામાં આવ્યું છે, જેનો વિષય છે : ગુજરાત - ધ ડેસ્ટીનેશન ફૉર સિનેમેટિક ટુરીઝમ, જેમાં રાજ્યમાં ફિલ્મ્સના ટ્રેન્ડ્સ અને સુવિધાઓ અંગે માહિતી આપવામાં આવશે અને આ અંગેની સકસેસ સ્ટોરીઝ પણ ચર્ચવામાં આવશે.

બીજું સત્ર બપોરે ૨.૩૦થી ૪ વાગ્યા દરમ્યાન યોજવામાં આવશે, જેનો વિષય છે : ઓપર્ચ્યુનિટીઝ ઈન ફિલ્મ મૅકિંગ. મૉડર્ન ફિલ્મ મેકિંગ અને ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચરા ઉપરાંત સ્ટાર્ટ-અપ માટે ફાઈનાન્સિંગ અને ઈન્શ્યોરન્સ જેવી બાબતો આ સત્રમાં ચર્ચામાં લેવામાં આવશે.

ત્રીજું સત્ર સાંજે ૪.૩૦થી ૬ કલાક દરમ્યાન યોજાશે, જેનો વિષય છે : પૅનલ ડિસ્કશન ઑન ઍકસપ્લોરિંગ એવન્યૂસ ઈન ઍન્ટરટેઈનમેન્ટ સૅક્ટર.

આવનારા દિવસોમાં ગુજરાત રાજ્યમાં ફિલ્મ ટુરિઝમના વિકાસ અંગેના અવકાશ બાબતે આ સૅમિનારને મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે.

# ચૌધરી શાળામાં જન્માષ્ટમીની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૭

સેકટર-૭ સ્થિત શ્રી જે. એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી અનન્ય ભાવપૂર્વક કરવામાં આવી હતી. ઉજવણીને કારણે સમગ્ર સ્કૂલનું વાતાવરણ કૃષ્ણય બની ગયું હતું અને વિદ્યાર્થીઓ તથા સ્ટાફમાં આ ઉજવણી માટે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. જન્માષ્ટમી નિમિત્તે નંદ મહોત્સવ અને મટકીફોડ જેવા કાર્યક્રમોનું બાળકો દ્વારા રંગેચંગે આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોએ 'નંદ ઘેર આનંદ ભયો' જેવાં સૂત્રો પોકારીને સમગ્ર વાતાવરણને ભક્તિભાવથી સભર કરી દીધું હતું.

આ પ્રસંગે કૃષ્ણ અને રાધાના સ્વરૂપમાં સજીને આવેલાં નાનકડાં વિદ્યાર્થીઓએ સ્કૂલના પરિસરમાં સુંદર દશ્યોનું સર્જન કર્યું હતું.

# અરીહંત ફાર્મસી કોલેજ ખાતે આયોજિત એન્ટ્રા પ્રેન્યોરશીપ અવેરનેસ કાર્યક્રમ સંપન્ન

### જન્માષ્ટમી અંતર્ગત દહીં હાંડી અને રસોઈ શો યોજાયો હતો



ગાંધીનગર, તા. ૨૭

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીચર્સ ઈન્સ્ટીટ્યુટ ખાતે સેન્ટર ફોર એન્ટ્રાપ્રેન્યોર ડેવલોપમેન્ટ સ્પોન્સર્ડ તેમજ ઓકબુક બિઝનેસ સ્કૂલના સહયોગથી ત્રણ દિવસના એન્ટ્રા પ્રેન્યોરશીપ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન ૨૨ થી ૨૪ ઓગષ્ટના રોજ રાખવામાં આવેલ હતો. ઓકબક બિજનેસ સ્કૂલ તરફથી આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ હતુ. સામાન્ય રીતે ફાર્મસીના વિદ્યાર્થીઓ મેનેજમેન્ટના વિષયોથી અપરિચિત હોય છે. તથા તેમની ભવિષ્યની વિચારધારા રિસર્ચ, ઈન્ડસ્ટ્રી અથવા એકેડમીમાં જવાની હોય છે. અત્યારે પ્રધાનમંત્રીની સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, તેમજ મેક ઈન ઈન્ડિયા જેવી સ્કીમ માત્ર યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા માટે ઉપલબ્ધ છે. ત્યાં ફાર્મસીના વિદ્યાર્થીઓમાં આ ક્ષેત્રે દુર્લભ સેવાય છે. વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાનો વિકાસ થાય. આ હેતુથી આ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં મેનેજમેન્ટ તેમજ એન્ટ્રોપ્રેન્યોરશીપ વિષયમાં પ્રખ્યાત વ્યાખ્યાતાઓને આમંત્રણ આપવામાં આવેલ હતું.

આ સેમીનારના સમાપન સમારોહમાં ઓકબુક બિઝનેસ સ્કૂલના સીઈઓ શ્રદ્ધા શેઠને અતિથિવિશેષ પદ પર આમંત્રિત કરવામાં આવ્યા હતા. એમના પ્રાસંગિક પ્રવચનમાં એમને આવો સેમીનાર આ સંસ્થામાં આયોજિત કરવા બદલ સંસ્થા, મેનેજમેન્ટ, અધ્યાપકગણ તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ કાર્યક્રમની અભૂતપૂર્વ સફળતા માટે અભિનંદન આપ્યા હતા. સેમીનારના અંતે વિદ્યાર્થીઓમાં સર્ટીફિકેટ એનાયત કરવામાં આવેલ હતા.

આ કાર્યક્રમના સમાપન પછી વિદ્યાર્થીઓએ જન્માષ્ટમીના ઉપલક્ષમાં દહીંહાંડી ફોડવાનો કાર્યક્રમ સંસ્થા ખાતે આયોજિત કર્યો હતો. જેમાં લવ ગજ્જર, આકાશ પટેલ, શાલીન પટેલ, આશુતોષ શર્મા, વિશાલ સોની, અભિષેક જૈન, પ્રમોદ, અર્થ પંડ્યા તેમજ પવન રાઠોડની ટીમે દહીહાંડી ફોડીને જન્માષ્ટમીની ઉજવણી કરી હતી. આ પછી કોલેજના કેમ્પસમાં જ ગરબાનું આયોજન કર્યુ હતુ. જેમાં બધાજ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમની સાથે સાથે સંસ્થામાં રસોઈ શોનું પણ આયોજન કરાયું હતું. જેમાં માવાની મીઠાઈ, ચોકલેટની વિવિધ વાનગી બનાવીને આયોજકોને ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. આ રસોઈ શો માં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. હિરલ પંચાલે, સંસ્થાના ડીરેક્ટર જનરલ ડો. રાગીન શાહ તેમજ પ્રિન્સિપાલ ડૉ. ડી.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરેલ છે.

### રોલબૉલ અને કબડ્ડીની સ્પર્ધા માટે

# આર જી સ્કૂલની વિદ્યાર્થિનીઓ રાજ્યકક્ષાએ

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ અને અન્ડર-૧૭ વિભાગના રોલબૉલ સ્પર્ધા લલિતકલા ઍકેડેમી, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવી હતી. આ બંને વિભાગોમાં શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ટીમ વિજેતા બની હતી. બંને ટીમના કુલ ૧૨ ખેલાડીઓની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પણ કરવામાં આવી હતી.

અન્ડર-૧૭ વિભાગમાં હેલી ઍમ પટેલ, કિંજલ પી સોલંકી, નિકીતા જી રાઠોડ, જાગૃતિ પી પ્રજાપતિ, પાયલ આર ડાભી અને આશા વાય પટેલની તથા અન્ડર-૧૯ વિભાગમાં મૌલિ ઍસ પટેલ, પ્રિયા બી ચૌહાણ, ધરતી વી રાઠોડ, રિશ્વા જે શાહ, પૂજા આર સોલંકી અને આયુષી ઍસ દવેની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધાના અન્ડર-૧૭ વિભાગમાં પણ આ સ્કૂલની ટીમ દ્વિતિય ક્રમે તથા અન્ડર-૧૯ વિભાગમાં તૃતિય ક્રમે વિજેતા બની હતી. રાજ્યકક્ષાની સ્પર્ધા માટે અન્ડર-૧૭ વિભાગમાં ચાર ખેલાડી - સિયા જોશી, કૃપા પરમાર, નિધિ સોની અને અમિષા પટેલની પસંદગી કરવામાં આવી હતી.

આ વિજેતા ખેલાડીઓને તાલીમ ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં વ્યાયામ શિક્ષક ઊર્વશીબેન જોષી દ્વારા આપવામાં આવી હતી.

વિજેતા તથા રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામનાર સર્વ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર દ્વારા બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

### પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ દ્વારા

# વૃધ્ધાશ્રમનાં વૃધ્ધોની ફોટોગ્રાફી કરાઈ



ગાંધીનગર, તા. ૨૭

પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ દ્વારા પોતાના ત્રીજા વર્ષમાં પ્રવેશ નિમિત્તે એક સુંદર અને નવતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૃપના સભ્ય ફોટોગ્રાફર્સ દ્વારા સૅકટર-૬ ખાતે સ્થિત ક્રિષ્ના વૃધ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવી હતી અને અહીં રહેતાં વૃધ્ધોના ફોટોગ્રાફસ કિલક કરી આ ફોટોગ્રાફસ વૃધ્ધોને ભેટ પણ આપવામાં આવ્યા હતા. પોતાની સુંદર તસવીરો જોઈને વડીલોના ચહેરા પર સ્મિતની વર્ષા છવાઈ ગઈ હતી. પ્રૉફેશનલ ગૃપના ફોટોગ્રાફર્સ મિત્રોએ વડીલો સાથે બેસીને નાસ્તાનો આનંદ પણ માણ્યો હતો.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાઈ



લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે કે જી વિભાગનાં બાળકો દ્વારા કૃષ્મ જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્ણનું જીવન ચરિત્ર ભારતીય સમાજ ઉપર ખાસ કરીને હિન્દુ સમાજ ઉપર ખૂબ જ ઊંડી છાપ ધરાવે છે, જેની સમજ બાળકોને આપવામાં આવી હતી. કૃષ્ણ જન્મોત્સવના પ્રસંગે શાળાના પ્રત્યેક બાળકને કૃષ્ણ ભગવાનની ઝાંખી કરાવવામાં આવી હતી. આ પ્રસંગે ભૂલકાઓ દ્વારા રાધા, કૃષ્ણ અને ગોપી જેવી અલગ-અલગ વેશભૂષા ધારણ કરીને સુંદર દશ્યોનું સર્જન કરવામાં આવ્યું હતું.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'યાદ દાદા-દાદીની'**


# તું વણકર ને હું વણાર ! તારી જાત ન જોઉં જોગડા



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

સંસ્કારી લોકકવિ, 'પહાડનું બાળક' તરીકે પ્રસ્થાપિત અને 'ભણેલા અને અભણ - એ બેને સાંકળતા રાષ્ટ્રીય શાયર તરીકે સન્માનિત એવા સોરઠી સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલા ખાતે ૨૮ ઓગષ્ટ ૧૮૯૬ના રોજ દશા શ્રીમાળી જૈન વણિક કુટુંબમાં માતા ધોળીબાઈ અને પિતા કાળીદાસ મેઘાણીને ત્યાં થયો હતો.

અભ્યાસ દરમિયાન નન્હાલાલ અને કલાપીના સાહિત્યે તેમનામાં વ્યક્તિત્વ અને સાહિત્ય માનસ ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો. અંગ્રેજી અને સંસ્કૃત ભાષા સાથે બી.એ.થયા. કલાપી કાવ્યો એવી દર્દભરી રીતે ગાય ગીત કે મિત્રો એમને ' વિલાપી ' કહેતા. કાઠીયાવાડના રીત-રિવાજો, ખૂબીઓ વગેરેની માહિતી અને ચારણો પાસેથી સાંભળેલી વાતો દ્વારા ભિન્ન-ભિન્ન જાતના સાહિત્યના પ્રવાહના સંસ્કાર પડ્યા.



લોકગીતોની લગની પોરબંદરના બગવદર ગામની મેરાણી ઢેલીબહેને લગાડી. મેઘાણીનાં માતા પણ મધુર કંઠથી રાસડા ગાતા. મેઘાણીના આ સાહિત્ય પ્રવાહને કળનાર હડાળાનાં દરબાર વાજસુર વાળા. કલકત્તામાં નોકરીની સાથે સાથે બંગાળી ભાષા શીખ્યા. કલકત્તાથી પાછા ફર્યા પછી ૧૯૨૨માં તેઓ 'સૌરાષ્ટ્ર' તથા 'ફૂલછાબ'માં પત્રકાર અને અમૃતલાલ શેઠના 'જન્મભૂમી'ના દૈનિક સંપાદનમાં જોડાયા.

મેઘાણીની રચનાઓ જેટલી હાથવગી છે તેટલી જ હૈયા વગી છે અને ગામડે ગામડે ગવાય છે તેમાંની ' માડી! હું તો બાર બાર વરસે આવિયો', 'મેંદી તે વાવી માળવે', 'ચાંદો ઉગ્યો ચોકમાં', 'લવિંગ કેરી લાકડીયે', 'વા વાયાને વાદળ ઉમટ્યા', સોના વાટકડી રે', દ્વારા કુટુંબજીવનની નાની ઘટનાઓને તેમણે વણી લીધી છે.

સૌરાષ્ટ્રની ભૂમિ પર બનેલ ઈંગ્લેન્ડ, રોમ અને ગ્રીસનો બળવાન બાંધવ પ્રોમીથિયસ જેવી જ ઘટનાઓ સૌરાષ્ટ્રના ગત ગૌરવને 'અણનમ માથાં' , ' સૌરાષ્ટ્રની રસધાર ' , 'સોરઠ તારા વહેતા પાણી', 'કસુંબીનો રંગ' , 'કોઈનો લાડકવાયો' રૂપે હંમેશને માટે લિપિબદ્ધ કરી નવીન સૌરાષ્ટ્રને પોતાની વાર્તા-નવલકથા દ્વારા એના ચહેરાનું દર્શન કરાવ્યું. કેટલાક કાવ્યો રવિન્દ્રનાથની રચનાઓ પરથી પ્રેરિત છે. તેમના ગીતો-વાર્તાઓમાં સોરઠી શબ્દપ્રયોગ, રૂઢિપ્રયોગ, અલંકાર, લય લહેકા અને 'હું'ને બદલે 'અમે 'શબ્દ વધારે જોવા મળે છે.' ગોળમેજી પરિષદમાં જવાના હતા એક કલાક પહેલા ' છેલ્લો કટોરો ' રચી દોડીને ગાંધીજીને આપ્યું. તેમાં ગાંધીજીના મનની વાત હતી અને ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર' કીધા.

મહાત્મા ગાંધી નહોતા જન્મ્યા તે પહેલા સમાજમાં જે અસ્પ્રુશ્યતાના ભેદની ભીત્યું ઊભી થઈ હતી તે ભીત્યુંને તોડવા મેઘાણીભાઈએ વ્યક્તિની જાત ન જોતાં તેના ગુણ જોવાની વાત કિધી...દુષ્કાળ ટાણે સગો ભાઈ ફરી જતાં જોગડા હરિજને આયરાણીને મદદ કરી. જોગડાના મૃત્યુ ટાણે આયરાણીએ આકાશને રોવરાવ્યું! '' નાતે કાંઈ નેડો નહીં, તું વણકર ને હું વણાર ! તારી જાત ન જોઉં જોગડા તારા ગણને રોઉં ગજમાર. ''

રાજકોટ ખાતે અખિલ હિંદ ચારણ સંમેલનમાં મેઘાણીભાઈની રજૂઆત માટે લીંબડી કવિરાજશ્રી શંકરદાનજીએ મનનો પોરસ ઠાલવ્યો અને કહ્યુ કે રંગ છે, તને— મેઘાણી !' જવાબમાં મેઘાણીએ કહ્યું કે '' મુરબ્બી! આ તો આપનું જ છે. હું તો ચારણોનો ટપાલી છું; બધે પહોચાડું છું.''

દુલાભાઈ સાક્ષી...'' તુલશીશ્યામ પાસે ખજુરીનો નેસમાં ચારણબાઈ-હીરબાઈ મરેલી વોડકી પર ચડીને સાવજ સામે સોટો વીઝતી અને સાવજને આ બાઈએ વોડકી ખાવા ન દીધી..લાલ ધ્રમેલ ત્રાંબા જેવી થઈ ગયેલી આંખો સાથે મેઘાણીભાઈ પણ સાવજ તરફ દોડવા લાગ્યા..અમે એમને માંડ માંડ પકડી રાખેલા.'' અને એ વખતે કાગળ કલમ સિવાય રચાયું 'ચારણ-કન્યા.'

રાજદ્રોહના ખોટા આરોપસર મેઘાણીની ધરપકડ કરી ધંધુકાની વિશેષ અદાલતમાં રજૂ કર્યા ત્યારે કોર્ટની અનુમતિથી 'સિંધુડો' માંનું દર્દભર્યું ગીત એમણે ધીરગંભીર અવાજે ગાયું...

મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ, સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ!

...અને ઉપસ્થિત સેંકડો માનવમેદની સાથે મેજીસ્ટ્રેટની આંખો પણ આંસુભીની થઈ...

મેઘાણી દ્વારા લિખિત 'માણસાઈના દીવા'ને ૧૯૪૬માં મહીડા પારિતોષિકથી સન્માનવામાં આવ્યું. અને તે જ વર્ષે તેમને ગુજરાત સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ નીમવામાં આવ્યા. રણજીતરામ સુવર્ણચંદ્રક એવોર્ડ મેળવનાર તેઓ પહેલા હતા.

સાહિત્યકારની તપશ્રર્યાને ધુળમાં મેળવનાર-ધુળવાળા થવાની ગણાવતા મેઘાણીભાઈ ૦૯ માર્ચ ૧૯૪૭નાં દિવસે હૃદય રોગનો હુમલો આવતાં બોટાદ ખાતે મૃત્યુ પામ્યા.